# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૪ • તા.૯ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH DIAMONDS



RAJESH MOMAYA

9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માણસમાં માણસાઈ જરૂરી છે

જ્યારે આપણે એમ કહીએ કે મનુષ્ય જેવું સર્વશ્રેષ્ઠ પ્રાણી કોઈ નથી. ત્યારે તેની સાથે થોડી અપેક્ષાઓ અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. માણસ નામે સામાજિક પ્રાણી સૌ સાથે સત્ય પૂર્વકનું આચરણ કરે, પોતાના આત્માના સત્યને હૃદયપૂર્વક જાણીને, તે પ્રમાણે આચરણ અને અનુસરણ કરે, સ્વધર્મમાં આત્મસ્થ થઈને જીવતો રહે અને બાહ્યાચારોથી મુક્ત રહે એવી અપેક્ષા રહે છે.

આજે સંસારમાં માણસાઈ ઘટતી જાય છે. સાત્વિકતા ઘટતી જાય છે અને તામસિકતા વધતી જાય છે. સત્યધર્મનું આચરણ ઘટતું જાય છે. અસત્ય ધર્મનું આચરણ અને અનીતિ વધતાં જાય છે. સત્યના ધર્મને અંતરપૂર્વક જાણીને ચાલવાનું, જીવવાનું ઘટતું જાય છે. ધર્મને માનીને ચાલવાથી અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ અને ભય વધતાં જાય છે. ધર્મને આંતરિક રીતે શુધ્ધ મનથી જાણીને કરાતું આચરણ ઘટતું જાય છે. અઘટિત પદાર્થ પરની પકડમાં વધારો અને સ્વાર્થ, લાભ અને લોભ તથા લાલસા જેવા દુર્ગુણો વધતા જાય છે. આમ તામસિક્તા ઉચ્છરંગતા વધી રહ્યાં છે અને માણસાઈ કરમાઈ જવાથી માનવીયતા ફૂલ ખીલતાં જ નથી આપણામાં રહેલી માણસાઈને આ જીવનમાં ઉજાગર કરવા માટે પહેલાં પહેલાં એ જરૂરત છે કે આત્માના અવાજને ઓળખીને તે પ્રમાણે સ્વધર્મમાં સ્થિર થઈએ. આચરણ અને વ્યવહાર યોગ્ય રીતે કરવા આત્મા એજ સત્ય સ્વરૂપ છે. એટલે આપોઆપ સત્યનું આચરણ અને અનુસરણ પોતાની રીતે થશે.

આત્માનો અવાજ હંમેશા સત્ય હોય છે. આ આત્માના અવાજ સાંભળવા માટે અહંકારથી મુક્તિ પ્રાપ્ત કરવી જ પડે છે. તો જ આત્માનો સત્ય સ્વરૂપ અવાજ સાંભળી શકાય છે. એટલે હુંપણાથી તાત્કાલિક મુક્ત થવાની જરૂર છે. અહંકાર જ બધા દુર્ગુણોનો રાજા છે, જનક છે. એટલે જે શરીરમાં, અંતર મનમાં અહંકારનો અંકુર ફૂટ્યો છે. ત્યાં પાપાચાર અને બદીઓ રહેવાની, ઓછી હશે ત્યાં વધવાની, વિકસવાની. દુર્ગુણ રહિત જીવન અને શુદ્ધતા ભર્યું જીવન એક મહાસિદ્ધિ છે.

જ્યારે માણસ હૃદયસ્થ અને આત્મસ્થ થઈને સ્વધર્મમાં સ્થિર હોય ત્યારે તેની કરણી અને કથનીમાં પૂરેપૂરી એકતા હોય છે. એનામાં જડતા નહીં હોય. વિશાળતા અને સ્થિરતા હશે એનામાં ન રાગ, ન દ્વેષ હશે. એ પૂરેપૂરું ક્ષમાશીલ, કરુણામય, વિવેકી હશે. જેને લીધે સતગુણી, સદ્‌ગુણી, સદ્‌વર્તી, સમત્વ અને સદાચારી આચરણ વાળો હશે. જીવનમાં કામના, વાસના, ઈચ્છા અને તૃષ્ણા વગેરેનો સંયમ જરૂરી છે. જેમ બળદ પાસેથી સારું કામ લેવા નાથ મોરો નાકમાં નાખવાથી તે ધાર્યું કામ આપી શકે છે, જેમ ઘોડા ઉપર સવાર થવા માટે ચોકડું જરૂરી છે, જેમ ઊંટ પર અસવાર થવા કાઠલું જરૂરી છે, તેમ આપણા જીવનમાં પરમશાંતિ અને સુખ જોઈતાં હોય તો આંતરિક શુદ્ધતા, મન બુદ્ધિ, વાસના રહિત સ્થિરતા, પવિત્રતા અને સંયમ જરૂરી છે. તે સિવાય સુખ, શાંતિ, સંયમતા પ્રાપ્ત થતી નથી.

ધર્મ આચરણનો અર્થ છે સત્ય સ્વરૂપ વ્યવહાર અને આચરણ. આ વર્તાવથી આપણી કામનાઓની પૂર્તિ થશે. સાથો સાથ શાંતિ અને આનંદ મળશે. જે મોક્ષ મેળવવાનો રાજમાર્ગ છે. એટલે જ માણસ માત્ર પોતાના અંતરની ભાવનામાં ફેરફાર કરીને જીવવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# મિત્ર છે મોંઘી મિરાત

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સાચી મિત્રતા એ જીવનને આબાદ બનાવતું ટોનિક છે. જે વ્યક્તિનો કોઈ મિત્ર નથી એ ભૌતિક રીતે નિર્ધન છે. બચપણમાં યુવાનીમાં મિત્રો સાથેની દરેક ક્ષણને પૂરેપૂરી માણી લેવી જોઈએ, જીવી લેવી જોઈએ કારણ કે જેમ જેમ જિંદગીનો સમય આગળ વધતો જશે તેમ તેમ નવી જવાબદારીઓ નવા નવા ટાસ્ક અને જીવન નિર્વાહની પળો જણમાં જૂના મિત્રો છૂટતા જશે તો નવા મિત્રો બનતા જશે. પણ નવા દોસ્તો કેટલો સાથ આપશે, સંગાથ આપશે એ તો સમય બતાવવા સમર્થ હશે.

આપણે શ્રીકૃષ્ણ અને સુદામાની મિત્રતાની મજબૂત ગાંઠ વિષે જાણીએ છીએ. કંઈક માંગવા મિત્રના મહેલ પહોંચેલ રંક સુદામા સખાના માન પાન પામી અને મહોબ્બતની વર્ષામાં ભીંજાઈ ભાઈ બંધીને ગરવાઈ જાળવીને મદદ માંગી શક્યો નહીં તો સામે પક્ષે ત્રિભુવન નાથ કૃષ્ણ મિત્રના મનની વાત કળી લઈ મદદ કરી મિત્રતા નિભાવી.

એવી રીતે કર્ણનું નામ લેતા દાનવીર તરીકેની ખ્યાતિ મનમાં સ્મરે તેણે સ્વાર્થી, દુષ્ટ અને પિતરાઈ ભાઈઓને માટે કપટી એવા દુર્યોધન સાથેની મિત્રતા જાળવી અને ટકાવી પણ. કર્ણને જાણ હતી કે તેના મિત્ર સાથે રહેવું અધર્મને ઉત્તેજન આપવા જેવું છે તે છતાં શું અંજામ આવશે એને ન ગણકારી જીવન પર્યંત દુર્યોધનનો આજીવન સાથ નિભાવ્યો. ભલે એ બંન્નેની મિત્રતા સાચી નહીં પણ પાકી દોસ્તી તરીકે ગણતરીમાં લઈ શકાય જેવી ખરી.

મિત્ર એ ફક્ત શબ્દ કે અક્ષરોનો ગુચ્છો નથી એ તો કેટલાય પ્રકારની લાગણીઓનો એક ભંડાર છે. મિત્ર પાસે હોય કે દૂર હોય પણ હૃદયની લાગણી હમેંશા લીલીછમ ભરી હોય છે. ગમે તેટલું મોટું દુઃખ તેની પર હોય પણ આપણને ખડખડાટ હસાવી એકાંતમાં પોતે મોકળા મનથી રડી લે છે. આપણાથી વધારે આપણા માટે ખુશ થાય તે મિત્ર આપણી માટે કોઈ ખોટી વાત ન સાંભળે એ છે મિત્ર. જેના ખભે માથું મૂકી દેવા માત્રથી બધી વિપદા ભૂલીને શાંતિનો અહેસાસ થાય તે મિત્ર. જેને ગળે લગાવવા માત્રથી દરેક તકલીફનો રસ્તો મળી જાય તે મિત્ર. જે આપણે ખભે હાથ મૂકે તો આપણને આખી દુનિયા સાથે લડી લેવાની તાકાત મળી જાય એ મિત્ર. મને તારો ખપ છે એ એક માત્ર હાકથી પોતાના બધા કામ અળગા મેલી એ જ ક્ષણે આપણી વહારે આવી જાય એ મિત્ર. બધા કામ અળગા મેલી એ જ ક્ષણે આપણી વહારે આવી જાય એ મિત્ર.

મિત્ર પાસે મનના તમામ દરવાજા આપમેળે ખૂલ્લી જાય છે અને મોકળાશથી મનના વિચારો ઠલવાઈ જાય છે. દરેક મિત્ર સમવયસ્ક હોય એ જરૂરી નથી. મિત્રતાનો સંબંધ બિન સાંપ્રદાયિક સંબંધ છે. તેમાં કોઈ ભેદ હોતો નથી. મતભેદ સર્જાય પણ મનભેદ નહીં. સારા અને સાચા મિત્રો માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે. સાચો મિત્ર એ એક પ્રકારનો જાદુગર છે. જેની કોઈ એક જાદુઈ છડીથી આપણો સમય સંજોગ અને હાલત બદલાઈ જાય છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# આ વર્ષનું ચાતુર્માસ મુલુંડના વાસુપૂજ્ય જિનાલયમાં ઐતિહાસિક બન્યું

**મુંબઈ-મુલુંડ નગરે - ઝવેર રોડ**
**શ્રી વાસુપૂજ્યસ્વામી જિન પ્રાસાદે**
**ઉદય-ગુણ-ચાતુર્માસ ૨૦૨૩**

ઉદય ગુણ ચાતુર્માસ 2023

**પાવન નિશ્રા**
**સાધના સમ્રાટ પ.પૂ.ગણિવર્ય ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.**
**ઋષીમંડલ અર્હમ ધ્યાન સાધક મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.**




શ્રી વાસુપૂજ્ય જિનાલયની પરંપરા પ્રમાણે એક વર્ષ તપાગચ્છના આચાર્ય ભગવંત ચાતુર્માસ કરાવે છે અને બીજા વર્ષે અચલગચ્છના સાધુ ભગવંતો ચાતુર્માસ કરાવે છે. બન્ને ગચ્છો સંપીને દર વર્ષે આનંદ અને ઉત્સાહપૂર્વક ધર્મ આરાધનાઓ કરે છે અને ઉત્તરોત્તર સંઘ ભાવનામાં વધારો થતો રહે છે. શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય જિનાલય ઝવેર રોડમાં આ વર્ષે ઉદય ગુણ ચાતુર્માસ ૨૦૨૩ મુલુંડ માટે ઐતિહાસિક સુવર્ણપૃષ્ઠ લાવનારું બનવાનું હતું.

સાધના સમ્રાટ પ.પૂ.ગણિવર્ય ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ ઋષિ મંડળ અર્હમ ધ્યાન સાધક યુવા મુનિ પ્રભાવી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ તા.૨૮ જૂન બુધવારના સોહામણી સવારે થયું. આ ઐતિહાસિક ક્ષણે ગુરુ ભગવંતોએ આ ચાતુર્માસ મુલુંડ સંઘમાં અવિસ્મરણીય બને તેનો સંકલ્પ કર્યો હતો. જેમાં દરરોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ સમયે પૂજ્ય યુવા મુનિશ્રીના મુખે અધ્યક્ષ અલૌકિક અવનવી શાસ્ત્રસાર ગર્ભિત જિનવાણી અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથાધિકારે પાવન પ્રવચન શ્રૃંખલા.

બીજું ૧૦૮ ઉવસગ્ગહંરપાર્શ્વ લબ્ધિ કળશ યાત્રા જે ઘર ઘર ભગવાન ઘર ઘર કળશ સાથે શ્રી સંઘની પાવન પધરામણી ઘરે ઘરે, જેમાં દરરોજ ૧-૧ પૂણ્યશાળી પરિવારના આંગણે અતિપ્રભાવક ઉવસગ્ગહંર કળસની મંત્ર જાપ સાધના.

ત્રીજુ ધર્મ કાર્ય ૭૦ દિવસીય સર્વવિઘ્ન વિનાશકની ઉવસગ્ગહંર મહાતપ જેમાં ૩૬ ઉપવાસ+૩૪ એકાસણા સહિત ૭૦ દિવસીય સામૂહિક તપશ્ચર્યાનો મહાસાગર જેવી તપ આરાધના.

અને ચોથું ૨૧ મંગળવારીય શ્રી વાસુપૂજ્ય મહાવિદ્યા અનુષ્ઠાન જે સર્વ અંતરાય નિવારક, સર્વ શુભ મંગલકારક, સર્વ કાર્ય સિદ્ધિદાયક ૨૧ મંગળવારે સવારે ૬.૩૦ થી ૯.૩૦ લાલ વસ્ત્ર એકાસણા સહિત ૧૪ પૂર્વધર શ્રી ભદ્ર બાહુસ્વામીકૃત શ્રી મહાપ્રભાવક પ્રાચિન વાસુપૂજ્ય મહાવિદ્યા અનુષ્ઠાન.

આ બધી વિશિષ્ટ ધર્મ આરાધના દ્વારા સકલ સંઘને ચેતનવંતો, જાગૃત અને સંગઠિત કર્યો તે સાથોસાથ એક અદ્વિતીય મહાવિરાટ રથયાત્રા દ્વારા અચલગચ્છના ૧૦૦ જેટલા સંઘોને સામેલ કરી સાથ સહયોગથી સામેલ કરી સાથ સહયોગથી સમગ્ર જૈન સમાજ સંગઠિત થાય, એકત્રિત થઈ જોડાય એવું અદ્વિતીય આયોજન માટે પ્રેરણા આપી અને આખરે તા.૩ સપ્ટેમ્બર રવિવારના સાકાર થઈ. સમગ્ર મુલુંડ આ રથયાત્રા નિહાળી આશ્ચર્યચકિત થઈ ગયું અને જૈન સંગઠનની તાકાત તેના સંઘબળની સામે નતમસ્તક થઈ ગયું.

**દરરોજ**
**૭.૩૦ થી ૮.૩૦**
પૂજ્ય યુવા મુનિશ્રીના શ્રીમુખે
અદ્ભુત - અલૌકિક - અવનવી
શાસ્ત્રસાર ગર્ભિત જિનવાણી
**અધ્યાત્મ કલ્પદ્રુમ**
ગ્રંથાધિકારે
પાવન પ્રવચન રહેશે તથા
You Tube પર Online Live
પ્રવચન પણ રહેશે.

**૧૦૮**
**ઉવસગ્ગહંર પાર્શ્વ**
**લબ્ધિ કળશ યાત્રા**
ઘર ઘર ભગવાન,
ઘર ઘર કળશ
સાથે શ્રી સંઘની પાવન
પધરામણી ઘરે-ઘરે
દરરોજ ૧ - ૧
પુણ્યશાળી પરિવારના
આંગણે અતિ પ્રભાવક
ઉવસગ્ગહંર કળશની
મંત્ર જાપ સાધના

**૭૦ દિવસીય**
**સર્વ વિઘ્ન વિનાશક**
**શ્રી ઉવસગ્ગહરં મહાતપ**
૩૬ ઉપવાસ +
૩૪ એકાસણા સહિત
૭૦ દિવસીય સામુહિક
તપશ્ચર્યાનો મહાસાગર
**તા. ૧૬ જુલાઈથી**
**તપ પ્રારંભ**

**૨૧ મંગળવારીય**
**શ્રી વાસુપૂજ્ય**
**મહાવિદ્યા અનુષ્ઠાન**
સર્વ અંતરાય નિવારક
સર્વ શુભમંગલકારક
સર્વ કાર્યસિધ્ધિદાયક
૨૧ મંગળવારના
સવારે ૬.૩૦ થી ૭.૩૦
લાલ વસ્ત્ર એકાસણા સહિત
૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત
શ્રી મહાપ્રભાવક પ્રાચીન
વાસુપૂજ્ય મહાવિદ્યા અનુષ્ઠાન

# મુલુંડની અદ્વિતીય અવિસ્મરણીય રથયાત્રાનું ભવ્ય આયોજન






તા.૩ સપ્ટેમ્બર રવિવાર સવારે ૯ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલય પાસે ઈશાન્ય મુંબઈના સાંસદ મનોજ કોટકે અદ્વિતીય વિરાટ રથયાત્રાને ફ્લેગ ઓફ બતાવી પ્રારંભ કરાવ્યો. શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘના નેજા હેઠળ શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજના નેતૃત્વ હેઠળ અચલગચ્છની અસ્મિતાનો શંખનાદ મહાપ્રભાવશાળી નયના નંદકારી અદ્વિતીય વિરાટ મહારથયાત્રામાં કુલ એ થી જે ગ્રુપમાં વિવિધ ધર્મ ઝાંખીઓ, અશ્વ, બગીઓ, વિશિષ્ટ સુશોભન કરેલા વાહનો, બેન્ડ, મંડળો, ઢોલ, શરણાઈ, વાદક વૃંદ, પોલીસ બેન્ડ, વિક્ટોરીયા ક્વીન બગી, બળદ ગાડા, રાઈઝિંગ સ્ટાર્સ પાઠશાળાના બાળકોની ધર્મ ઝાંખીઓ, ભારતના વિવિધ રાજ્યોની લોક સંસ્કૃતિ કલા દર્શન કરાવતા ફ્લોટ આગમ દર્શન શ્રી શ્રૃત રક્ષા અભિયાનનું દર્શન, બાળકોની ટ્રેન, ટોય કાર, પાપ અને પૂણ્યની ગાડી, લેઝિમ દ્વારા કૌવત દર્શન કરાવતા પાઠશાળાના બાળકો પરમાત્મા રજત રથ, આફ્રિકન કસબી લોકોનું નાળિયેર ફોડ નૃત્ય ગ્રુપ, પખવાજ દ્વારા ભક્તિ ગીતો ગાતી મંડળ, સંઘના શ્રાવક શ્રાવિકાઓ સાથે મહાવિદેય ક્ષેત્રે લઈ જતું ચંદ્રયાનની ઝાંખી ઈત્યાદિનું દર્શન સાથોસાથ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ૨૩ હજાર જેટલા ભાવિકો ૩ કિ.મી. દીર્ઘ રથયાત્રામાં જોડાયા હતા.



ઝવેર રોડથી પી.કે.રોડ થઈ પાંચ રસ્તા, એમ.જી.રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન ત્યાંથી જવાહરલાલ નહેરુ રોડ, મેહુલ ટોકીઝ, સર્વોદય નગર, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, અરિહંત કાર, કેશવપાડા થઈ અકેશા શોરૂમ પસાર કરી મહાકવિ કાલિદાસ કોમ્પલેક્સમાં વિરામ પામી. ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી. રથયાત્રામાં કચ્છના બાવન-બેતાલા ગામ સંઘના સમાજના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. મુંબઈ સહિત પરિસર તેમજ મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, રાજસ્થાનથી અચલગચ્છ સંઘો જોડાઈ એકતાનું સુભગ દર્શન કરાવ્યું હતું. જૈન શાસનના ચારેય ફિરકાઓના શ્રાવક શ્રાવિકાઓ પણ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.








# "પ્રારંભે, પ્રભુવીરના શાસનના સાધુઓ ને ચંદના જેવી સાધ્વી સોહાઈ, તે ત્યાં તે બે પૈંડાના બાળકોની સાઈકલ જોડાઈ"











**રથયાત્રાના**

ઝવેર રોડ જીનાલયમાં બીજ રોપાણા
સંઘ પ્રતિનિધીઓએ હામી આપી
શ્રાવક શ્રાવિકાએ જાલ્યા બોલ
ગુરૂભગવંતના ખીલ્યા રોમે રોમ...

રથયાત્રા એટલે ધરતી પર દેવો દ્વારા રચાયેલું સ્વર્ગ. રથયાત્રા એટલે એવું વૃક્ષ, જ્યાં અશુભ તત્વો પણ શુભ થતા નિરાંત નો શ્વાસ લે! રથયાત્રા એટલે બાહ્ય દર્શનથી અંતરદર્શન તરફ લઈ જતી ઝાંખી મનથી ચઢતા ભાવોને પગથી હાલતા ભાવો એટલે રથયાત્રા.















પ્રોગ્રામની તૈયારી કરી રહેલા કન્વીનર જયેશ જૈન સાથે સહ કન્વીનર મનોજ વોરા, વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા

**રથયાત્રા પ્રારંભ :** રથ સંચાલક ઓપન જીપની લીડરશીપ પછી રજત મંગલ ધર્મ ધજા, ત્યારબાદ રથયાત્રા પાયલોટ ઘોડ સવાર, જિન બેન્ડ ગ્રુપ પછી પરમાત્માની દીક્ષા કલ્યાણકની ઝાંખી, જિનશાસનના ધર્મનિષ્ઠ બાળકોનું સાઈકલ ગ્રુપ, ત્યારબાદ શ્રી અચલગચ્છાધિપતિ દાર્શનિક ઝાંખી કરાવતું વિશિષ્ટ વાહન ત્યારપછી મુંબઈ પોલીસ વિભાગનું અધિકૃત બેન્ડએ પછી પરમાત્માની દીક્ષા કલ્યાણકની ઝાંખી અને પછી દેવવિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ દ્વારા શુભમંગલ કાર્યના આશીર્વાદ.

# ચંપાપુરીના રાજા આવ્યા, શ્રેણિક રાજા ગયા જોડાઈ, ઈસરોના રોકેટ તો, આ સંદેશો દેવા મહાવીદેહ જાય






















**ગ્રુપ એ :** જેમાં પ્રારંભે પરમાત્માનો રજન રથ, ત્યારબાદ બે અશ્વવાળી સોનપરી બગી, એની બાદ જાજરમાન મોટી વિક્ટોરીયા ક્વીન બગી, કુલ્લ ચાર, એ પછી કચ્છી ઢોલ શરણાઈ વાદક ગ્રુપ, બે દ્વારપાલ શરણાઈ સાતે, ત્યારબાદ શ્રેણિક મહારાજાનો પરિવાર એ પછી મહિલા મંડળની બહેનો સમાવતું વિશિષ્ટ વાહન, ત્યારબાદ અનુપમ વેશધારણ કરી સંઘના શ્રાવક ભાઈઓ જોડાયા હતા. એ પછી અસલ જમાનાને સ્મૃતિત કરાવતું બળદગાડું અને છેલ્લે ઉચિત વેશ પરિધાનિત કરેલ સંઘની શ્રાવિકા બહેનો જોડાઈ હતી. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા પ્રેમજીભાઈ છેડા અને કિરણ ભેદા એ નિભાવી હતી.





# અચલગચ્છની શોભા ન્યારી, રથયાત્રા કહેતી પોકારી...
# ચારે ફીરકા ભેગા જોયા, આ હતી શાસનની બલિહારી










વિવિધ રાજ્યોના તીર્થોનું દર્શન કરાવતી, તે તે રાજ્યોનો વેશ ધરાવતી શ્રાવિકાઓ

**ગ્રુપ બીની સંરચના :** સૌ પ્રથમ પરમાત્માનો રજત રથ, એ પછી સુર્વણ બગી ત્યારબાદ રજત બગી, એની પછવાડે જાજરમાન વિક્ટોરિયા ક્વીન કુલ્લ ૩ બગી, એ બાદ શ્રી વર્ધમાન સંઘનો બેન્ડ એ પછી મહિલા મંડળની બહેનો સમાવતી ટૂંક અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ, ત્યાર પછી બળદગાડું ઉચિત વેશ પરિધાન કરેલ સંઘની શ્રાવિકા બહેનો અને છેલ્લે ઝારખંડ રાજ્યની સાંસ્કૃતિક કલા દર્સન કરાવતું ગ્રુપ. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા પરેશ ગોસર અને મુકેશ ગાલા એ નિભાવી હતી.



મુલુંડ સંઘમાં ચાતુર્માસ જોરદાર... નીકળ્યા અમ અંતરના ઉદ્દગાર... વાંચીને હૃદયભીની અનુમોદના કરજો વારંવાર

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મોઝાર સાધના સમ્રાટ ગણિવર્ય ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મહારાજા, ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી પધાર્યા અમ દ્વાર અચલગચ્છાધિપતિ શ્રી આદી ગુરૂભગવંતોના આશિષ મળ્યા અનરાધાર દૈનિક પ્રવચનો જામ્યા શાનદાર. ૭૦ દિવસીય ઉવસગ્ગહંર પાર્શ્વતપમાં ૨૨૦ તપસ્વીઓ જોડાયા અપાર ૨૧ મંગળવાર 'વાસુપૂજ્ય અનુષ્ઠાન'માં જોડાયા ૮૦૦ લોકો અપરંપાર.

જેમની અનંત કરૂણા-કૃપા-વરદાન અને વાત્સલ્યની ધારા વિશ્વના તમામ જીવો પર વરસી રહી છે એવા વિશ્વ મંગલના મુળાધાર પ્રાણ પ્રાણેશ્વર, રાજ રાજેશ્વર શ્રી વાસુપૂજ્ય સ્વામીની અસીમકૃપાએ તેમના અધિષ્ઠાયક દેવતાઓ દ્વારા રથયાત્રાના પ્રારંભે ૮:૫૭ કલાકે અમી છાંટણા થયા સમગ્ર રથયાત્રાને મંગળ થાય.

પ.પૂ.આચાર્ય ભગવંત મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના મુખેથી મહામાંગલીક પ્રવતીત થયું અને સમગ્ર ધર્મકાય આકાશ વાદળો મુક્ત થયું અને આચાર્ય ભગવંતના આશિર્વાદે સંપૂર્ણ મહારથયાત્રા નિર્વિઘ્ને પાવન પામી.

૧૦૦-૧૦૦ અચલગચ્છીય સંઘોની રથયાત્રા નીકળી ધમાકેદાર અપાર માનવ મેદની ઉમટી, શાસન પ્રભાવના થઈ જોરદાર વાસુપૂજ્ય દાદાની મહેરે જયેશ જૈન સંભાળી જવાબદારી સંતોષકાર જેમાં ખભે ખભા મિલાવી ને મનોજ નવીન વોરા (નન્હી જાન અને કાર્ય મહાન) બીપીન ગડા, હંસકુમાર મૈશેરી, મનોજ સતરા (ટીપ-ટોપ) દિપકભાઈ વિશનજી નાગડા, મુકેશ મૈશેરી, વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા, ચિમન મોતા, બિપીન સુંદરજી ગડા અને રૂપલ લોડાયા ઈત્યાદિઓએ કર્યો પુરૂષાર્થ જોરદાર. કચ્છના ૫૨-૪૨ના ગામોના મહાજનોનો મેળો જામ્યો અપાર, દેવ-ગુરૂ પસાયે મુલુંડ વર્ત્યો જિનશાસનનો જય જયકાર.

**– દિપક ગોસર (પ્રમુખ : શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ)**

# ધન્ય થઈ એ સૌ કોઈ રાહો (રસ્તા), જયાં રથયાત્રાનો થયો વિસામો










વેશભૂષાના બાળકો બોલ્યા, વીરનું શાસન મીઠું લાગે







**ગ્રુપ સીમાં સમાવિષ્ટ થયેલ ઝાંખીઓ :** શરૂઆતમાં સુવર્ણ અશ્વ બગી ત્યાર પછી રજત અશ્વ બગી એ બાદમાં કુલ્લ ૨ જાજરમાન વિક્ટોરિયા ક્વીન બગી, તે પછી રજવાડી અશ્વ બગી જીપ, પુણેરી ઢોલ મંડળીનું ગ્રુપ, એની પાછળ છકાય જીવ પ્રદર્શિત કરતી મહિલા મંડળની બહેનો, એની બાદ મહિલા મંડળની બહેનોને સમાવતી ટ્રક, રાઈઝિંગ સ્ટાર્સ પાઠશાળાના બાળકો સાથેની કુલ્લ ૨ ટ્રક, તે પાછળ અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ, જૂના જમનાની યાદ તાજી કરાવતું બળદગાડું અને છેલ્લે ઉચિત વેશ પરિધારીત કરેલ સંઘની શ્રાવિકા બેહનો. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા પરીન દેઢિયા અને અલ્પેશ નાગડા એ નિભાવી હતી.



**મહાવીરના ચતુર્વિધ સંઘનો હતો પોકાર, સર્વ અચલગચ્છ જૈન સંઘો થઈ ગયા તૈયાર, વિરાટ અદ્વિતીય મહારથ યાત્રા બની ગઈ યાદગાર, જિનશાસન ની શોભા લાગી શાનદાર, ઐતિહાસિક પળો સદાય કરશે જય જય કાર જૈનત્વની એકતાની મિસાલ એવી અદ્વિત્ય વિરાટ મહારથ યાત્રા બની બેમિસાલ ઐતિહાસિક રચેયતા**

ત્રણ સપ્ટેમ્બર ના રોજ અચલગચ્છ જૈન સમાજ આયોજિત મહારથ યાત્રા જૈન ધર્મના ગૌરવ અને સંસ્કૃતિ દર્શાવનાર અદભુત અનન્ય હતી.

નાના મોટા સહુ માટે હર્ષોલાસ અને આનંદ સાથે આપણા જૈન ધર્મની એકતા અને અખંડતાની રક્ષા માટે પ્રેરણા રૂપ બની. ભવ્ય પ્રભાવ ધરાવતા પ્રભાવશાળી એવા આપણા જિનશાસન નો મહિમા યુવા હૈયા ઓ માં પણ ખૂબ જોવા મળ્યો. નાના બાળકો તેમજ યુવાનો એ ઉમળકાભેર ભાગ લીધો એ જોઈને ખરેખર એ દર્શાય છે કે, ધર્મ અને સંસ્કૃતિ માટે જો આપણે ગૌરવવંત પ્રયાસ કરતા રહિશું તો આપણે યુવા પેઢી પણ ગૌરવને આગળ ખૂબ દીપાવશે. શું કરું સંપન્ન થનાર શાનદાર રથયાત્રા યાદગાર બની ગઈ જેનો અત્યંત આનંદ વ્યક્ત કરું છું.

**– નયન ભેદા (શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રમુખ)**

## ‘રથયાત્રા’ આંખોથી જોઈ, પુષ્પોથી પણ મીઠી સુવાસ એને જાણી, શબ્દો ખુટી પડ્યા... કહેવા જતા કહાણી...




















**ગ્રુપ ડીમાં દર્શાવેલ દર્શન ઝલકીઓ :** સૌથી આગળ પરમાત્મા રથ, એની પાછળ સુવર્ણ અશ્વ બગી, તે પછી રજત અશ્વ બગી, પાછળ રજવાડી અશ્વ બગીની જીપ, તે બાદ ૨ જાજરમાન વિક્ટોરીયા ક્વીન બગીઓ, ત્યાર પછી શ્રી સાયન સંઘનં વાદન બેન્ડ એની પાછળ પાઠશાળાના બાળકો દ્વારા ધાર્મિક ફેન્સી ડ્રેસનું સુભગ દર્શન એ બાદ શ્રી શ્રુત રક્ષા અભિયાન દ્વારા ૪૫ અગમ દર્શનની ઝલક, ત્યાર પછી મહિલા મંડળની બહેનો સમાવેલ ટ્રક, તેની પછવાડે અનુપમ વેશધારી કરેલ સંઘના શ્રાવક ભાઈઓ તેની પાછળ ઉચિત વેશ પરિધાન કરેલ સંઘની શ્રાવિકા બહેનોનું વૃંદ તે બાદ દેવભૂમિ કેરાલા રાજ્યની કલા સંસ્કૃતિનું સુભગ દર્શન કરાવતું ગ્રુપ તે બાદ છેલ્લે શાસન ધ્વજ ફુગ્ગાની વિશિષ્ટ શણારેલ કરેલ ગાડી. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા હિતેશ લોડાયા અને ભરત મૈશેરી એ નિભાવી હતી.







# અનેકાંતવાદની પ્રરુપણા સિધ્ધ કરતી ગાથા આ છે ધર્મરથ... રથયાત્રા










પુન્ય પાપની ગાડી ઉતરી, બાળકોની
જેમાં સભા ભરાણી
લક્ષ્મી, સરસ્વતી, અંબામાઁ દેખાણી,
ભક્તની આંખો ત્યાં ભીંજાણી











**ગ્રુપ ઈની સંરચના :** સૌથી આગળ ૪ અશ્વ કમાન્ડો, તેની પાછળ રોલ્સ રોય બગી, તેની બાદ પટીયાલા અશ્વ બગી, તેની પાછળ શ્રી ડોંબિવલી અચલગચ્છ સમાજનું સંગીત બેન્ડ, તેની બાદ સુર્વણ અશ્વ બગી, રજત અશ્વ બગી, તેની પાછળ બે શેલ્સ રોય બગી, તેની પાછળ રજવાડી અશ્વ બગી જીપ, જાજરમાન વિક્ટોરીયા ક્વીન બગી, તે પાછળ બાળકોની ટ્રેન ટોયકાર પુણ્યની ગાડી, તેની પાછલ બાળકોની ટ્રેન-ટોયકાર-પાપની ગાડી તે બાદ શાસન દેવીઓનું દર્શન કરાવતી બે વિક્ટોરીયા ક્વીન બગીઓ અને છેલ્લે જિન શાસનનું સંગીતમય ડી.જે.બેન્ડ. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભાવેશ મોતા અને પરેશ ખોના એ નિભાવી હતી.





# ધરતી પર ઉતરેલું સ્વર્ગ... એટલે આ રથયાત્રા

























**ગ્રુપ ઈ રથયાત્રાનો મુખ્ય આધાર સ્તંભ :** આ ગ્રુપની શરૂઆત પૂજ્ય શ્રમણ ભગવંતોની પાછળ બે સૈનિક, મહારાષ્ટ્રિયન વાદન તુંતારી સાથે, તેની બાદ વાસુપૂજ્ય સ્વામી ભગવાન પરિવાર અશ્વ બગી જીપ, તેની પાછળ અનુપમ વેશધારી શ્રાવકો તથા શ્રી સંઘના શ્રાવકો, તેની પાછળ પરમાત્માની કેવલ જ્ઞાન કલ્યાણકની ઝાંખી કરાવતી સંરચના, તેની બાદ ઓરિસ્સા રાજ્યની ભાતીગળ સંસ્કૃતિનું દર્શન કરાવતું ગ્રુપ, તેની પાછળ પરમાત્માનો મુખ્ય રજત રથ એની પાઠોપાઠ ભારતના સર્વે રાજ્યોના ધર્મતીર્થોની ઝાંખી દર્શન ત્યારપછી ગ્રામ્ય સંસ્કૃતિનું દર્શન બળદ ગાડું સહભાગી થયેલ. એ બાદ શ્રી થાણા સંઘનું મહિલા બેન્ડ તેની પાછળ પૂજ્ય શ્રમણી ભગવંતો, એ બાદ ૧૬ મહાસતીજી ગ્રુપ એની પાછળ ૧૮ પાપ સ્થાનક પ્રદર્શની કરાવતું ગ્રુપ છેલ્લે વસઈ પખવાજ મંડળ ભક્તિ રેલાવતું જોડાયું હતું. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા રાહુલ નિસર, ચિરાગ નિસર, જકેશ વિકમાણી અને સંજય સાવલાએ નિભાવી હતી.







# સોળે કળાએ ખીલેલું ચંદ્રમાં એટલે રથયાત્રા...



















નવપદ ને પ્રતિહાર્યો ચાલ્યા, ૧૬
ભાવનાઓનો હાથ ઝાલી
છ કાયના જીવો ગુણલા ગાતા,
મહાસતિઓ જ્યાં દેખાણી



**ગ્રુપ એફની સંચરના :** પ્રારંભે પરમાત્મા રજત રથ, ત્યારપછી પટીયાલા બે અશ્વવાળી બગી, તેની પાછળ ૩ જાજરમાન વિકટોરીયા ક્વીન બગીઓ એ પછી થાણા દિગમ્બર સમાજનું બેન્ડ, એની બાદ ૧૪ સ્વપ્ન દર્શન કરાવતી ટ્રક, એ પછી મહાવિદેય ક્ષેત્રે લઈ જતું ચંદ્રયાન, સુભગ લેઝિમકલાનું દર્શન કરાવતા મુલુંડના બાળકો હતા એના પછી અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ એ બાદ ઉચિત વેશ પરિધાન કરેલ સંઘની શ્રાવિકા બહેનો અને છેલ્લે આફ્રીકન હસબીનું નારિયેળ ફોડ નૃત્ય ગ્રુપનું આકર્ષણ ધ્યાનાર્ષક કરતું હતું. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા જીગ્નેશ મોતા અને કુમાર નાગડા એ નિભાવી હતી.







# સકળ જગતના કર્મને નાથનાર એકમાત્ર ધર્મ છે, રથયાત્રા એ ધર્મનું વિશાળ સ્વરૂપ છે














ધન ખરચીને ધર્મી બન્યા કે
ધર્મ કરીને ધનવાન...
રથયાત્રામાં સૌ કોઈ જાણે
ભગવાન બન્યા...
દેશ-વિદેશથી ભક્તો પધાર્યા
જોવા આન-બાનને શાન
નિ:શબ્દ થઈ અંજાઈ ગયા
અહિં દેવો પણ જાણે શરમાઈ ગયા.










**ગ્રુપ જીનું વિહંગ દર્શન :** સૌ પહેલા રજત અશ્વ બગી પછી ચાર જાજરમાન વિક્ટોરીયા બગીઓ, તેની બાદ ઢોલ શરણાઈ ગ્રુપ એ પછી હતું. દંતાણી તીર્થ પ્રભાવક ઝાંખી દર્શન કરાવતું વિશિષ્ટ વાહન એની પાછળ મહિલા મંડળની બહેનો સમાવેલ ટ્રક. એ બાદ ૧૨ અનિત્ય ભાવના પ્રદર્શન કરાવતી મહિલા મંડળની બહેનો જોડાઈ હતી એની પછવાડે અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓએ પછી ઉચિત વેશ પરિધાન કરેલી સંઘની શ્રાવિકા બહેનો, એની છેલ્લે મહારાષ્ટ્ર રાજ્યના લોક સંસ્કૃતિ કલાનું દર્શન કરાવતું ગ્રુપ સામેલ થયું હતું. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા વીરલ લાલન અને રાજેશ લોડાયા એ નિભાવી હતી.

# રજવાડી રથયાત્રા હતી અનુકંપાના દાન દેવાણા, લાખો લોકોએ જેના ગુણલા ગાયા, સર્વો-ઉદય-ગુણ નામો ઈતિહાસે લખાણા


























**ગ્રુપ એચમાં સામેલ થયેલ ઝાંખીઓ**

સૌ પ્રથમ સુવર્ણ અશ્વબગી ત્યારબાદ બે જાજરમાન વિક્ટોરીયા ક્વીન બગી, એની પછી ગુજરાત રાજ્યની ભાતીગળ લોક સંસ્કૃતિનું સુભગ પ્રદર્શન કરાવતું ગ્રુપ, એ પાછળ પાંચ ટ્રક શાઈનિંગ સ્ટાર્સ પાઠશાળાના બાળકો જેઓ પોતાની વિવિધ વેશભૂષામાં કલાનું દર્શન કરાવતા હતા. તેઓ સામેલ થયાં હતા. એ પછી અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ હતા. ત્યારબાદ ઉચિત વેશ પરિધાન કરેલ સંઘની શ્રાવિકા બહેનો હતી. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા ચેતન છેડા અને દ્વિનેશ ગાલા એ નિભાવી હતી.

# ગાયો, ઘોડાને બગીઓ ચાલી એક એક શ્રાવક જાય જોડાઈ, દેવો ઉતરયા ધરતી પર અમીવૃષ્ટીને ધારા જોઈ
























**ગ્રુપ આઈની સંરચના**

શરૂઆતે રજવાડી અશ્વ જીપ ગાડી ત્યારબાદ જાજરમાન વિક્ટોરીયા ક્વીન બગી એ પછી કચ્છી ઢોલ અને શરણાઈ વૃંદ એ બાદ શ્રી શિવડી જૈન સંઘ દ્વારા ઝાંખી પ્રસ્તુત કરતો ફ્લોટ, તે પછી મહિલા મંડળની ટ્રક, ત્યારબાદ અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ તે બાદ કચ્છી ઢોલ અને શરણાઈ એ પછી શ્રી સર્વોદય નગર મુલુંડનો વિશિષ્ટ વાહન અને છેલ્લે ઉચિત વેશ પરિધાન કરેલ સંઘની શ્રાવિકા બહેનો જોડાઈ હતી. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની લય મારુ અને દિક્ષીત કારાણી એ નિભાવી હતી.



સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા ની દિવ્યકૃપા અને પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા તથા ગણિવર્ય ગુરુગુણ નંદન, ધ્યાનયોગી પ.પૂ ગુરુદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા તથા અચલગચ્છના ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા ની નિશ્રા ના થયેલ, શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા આયોજિત ૧૦૦ થી વધારે અચલગચ્છીય સંઘોની સામુહિક મહાપ્રભાવશાળી-નયનાનંદકારી અદ્વિતીય વિરાટ રથયાત્રા માં ગુરુભગવંતો તથા જિનાજ્ઞાપ્રિય અનુયાયીઓની મોટી ઉપસ્થિતિ મા ઊજવાયેલી આ ભવ્યાતિભવ્ય મહારથયાત્રા ની વિશેષતાઓને જો વર્ણવવી હોય તો પાનાઓ ભરાય એમ છે. ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે આ મહારથયાત્રામાં બધું જ વિશેષ હતું, આઠ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલી આ મહાયાત્રામાં ઈન્દ્ર ધ્વજાઓ, સંઘોની બગીઓ, દીક્ષાર્થીઓ, ચોમુખજી પરમાત્મા વગેરે રચનાઓ, બેન્ડ, ઢોલ વગેરે વાદ્યવૃન્દો અનેક જાતની દુર્લભ મંડળીઓ, ધ્વજા લહેરાવતા યુવાનો-પાઠશાળાના બાળકો જેઓ મન મૂકીને જે નાચ્યા, પ્રૌઢો અને વૃધ્ધો ની ઉપસ્થિતિ તથા ગુરુભગવંતનાં પ્રવચન, દીક્ષાર્થીઓનાં બહુમાન, પાઠશાળાનાં બાળકોનાં બહુમાન, તથા હજારો સાધર્મિકોની ભોજનભક્તિ, સંધ્યાકાળે જિનાલયે અલૌકિક શૃંગાર, અંગરચના તથા તમામ સંઘો ના ટ્રસ્ટીવર્યો, પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ, દિલેર દાતા પરિવારો નો સાથ-સહયોગ તથા આપશ્રીની અથાગ મહેનત બધા માટે પ્રેરણારૂપ હતી, છેલ્લે જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો સાથે ઊજવાયેલી આ મહારથયાત્રા ખરેખર આદર્શરૂપ હતી. આપશ્રી દ્વારા શાસન પ્રભાવના ના અનેક કાર્યો વર્ષોથી થઇ રહ્યા છે, આવા અનેક શાસન પ્રભાવના ના કાર્યો ભવિષ્યમાં આપના દ્વારા થતા રહે એવી અંતરથી હાર્દિક શુભકામના ના સાથે આ મંગલ પ્રસંગ થી બધાને વહેલી-તકે પરમસુખ ની પ્રાપ્તિ થાય, એવી પરમતારક પરમાત્મા ને અંતરથી પ્રાર્થના. મારા યોગ્ય કર્યા સેવા ફરમાવસો, દેવ-દર્શન માં યાદ કરશો, ગુરુભગવંતો ને વંદના કહેજો...

**- હિતેશ માણેકજી મોતા**

# પુણ્ય ઉચ્ચ પ્રકારનું થાય ત્યારે આવા રથયાત્રાના દર્શન થાય





























'સાધનને છોડી શાસ્ત્રોને સ્વીકારતી હરખગુણ મંડળની શ્રાવિકાઓ'



વિકી ડી.પારેખ



## અદ્વિતીય વિરાટ રથયાત્રાનું અંતિમ ગ્રુપ જે

જેમાં આરંભે જાજરમાન વિક્ટોરીયા બગી એ પછી કચ્છી ઢોલ અને શરણાઈ એ બાદ અનુપમ વેશધારી સંઘના શ્રાવક ભાઈઓ તે બાદ મહિલા મંડળની બહેનોની ટ્રક, ત્યારબાદ ઉચિત વેશ પરિધાન કરેલ. સંઘની શ્રાવિકા બહેનો તે પછી અનુકંપા દાનની ગાડી જે રથયાત્રાનું દર્શન કરી ધન્ય લાભ લેતા લોકોને મિષ્ટાનનો લાભ આપતું હતું. રજવાડી અશ્વ જીપ બગી પછી છેલ્લે દુર્ઘટના બચાવ માટે એમ્બ્યુલન્સ અને અંતે ફાઈનલ સશસ્ત્ર કમાન્ડોની જીપ જોડાઈ હતી. આ ગ્રુપના માર્ગદર્શક તરીકેની ભૂમિકા હિરેન ગડા અને વીરલ વોરા એ નિભાવી હતી.







# અદ્વિતીય મહારથયાત્રા બાદ પરિવર્તિત થયેલી ધર્મસભામાં જિન શાસનનો થયો જય જયકાર









ભવ્ય રથયાત્રા મુલુંડના માર્ગ ઉપર ફરી કાલીદાસ ઓપન ગાઉન્ડમાં ધર્મસભામાં રૂપારિત થઈ હતી. ત્યાં ભવ્યાતિ ભવ્ય સ્ટેજ ઉપર આચાર્ય ભગવંતો, સંસ્થાના પ્રમુખો તથા સમાજના શ્રેષ્ઠવર્યો બિરાજમાન થયા હતા. વિશેષ ચંદ્રકાંતભાઈ ગોગરી, હેમાંગ રાયચંદ ધરમશી તથા અન્ય મહાનુભવો હાજર હતા. ધર્મસભાના પ્રારંભે શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘના પ્રમુખ દીપક મુલચંદ ગોસર સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત સૌને આવકાર આપ્યો હતો અને સર્વેનો સુંદર સહયોગ મળેલ તે બદલ ખુશી વ્યક્ત કરી હતી. રથયાત્રાનાના મુખ્ય સંયોજક અને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના પ્રમુખ જયેશ જૈનએ આજના નવતર આયોજન મુલુંડ જૈન સમાજ માટે અદ્વિતીય અને અવર્ણનીય હોવાનું જણાવ્યું હતું. અશક્ય લાગતું આ વિરાટ કાર્ય મારા ગ્રુપ સાથે અચલગચ્છના વિવિધ સંઘો અને મહાજનો એ જે રીતે અમૂલ્ય સહયોગ અને અથાક સાથ આપ્યો છે તેને લીધે આ આયોજન સફળતાને વર્યો છે. સર્વ સંસ્થાના પદાધિકારી, સર્વ કાર્યકર દરેકના સહયોગથી તથા દેવગુરૂના આશીર્વાદથી આ




અદ્વિતીય વિરાટ રથયાત્રા પૂર્ણ થઈ હતી. બધાના સહયોગની પ્રશંસા કરેલ. આ આયોજનને લીધે ઉત્તરોત્તર જૈન શાસનની પ્રગતિ થશે અને જૈન સમાજની શાન વધશે એ નિશ્ચિત છે એવું જણાવ્યું હતું.

પ્રથમરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ માંગલિક સાતે આર્શિવચન આપતા જૈન ધર્મની ઝાંખી કરાવી હતી. આ અદ્વિતીય રથયાત્રાના પ્રેરક ગણિવર્ય ગુરૂ ગુણ નંદન ધ્યાનયોગી પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ. યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ જે સ્વપ્ન જોયું હતું તે આજે સાકાર થતું અનુભવ્યું હતું. સાંસદ મનોજ કોટક એ આજના દિવસ અને મુલુંડ માટે ઐતિહાસિક દિવસ ગણાવ્યું હતું. પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આજે ઈતિહાસ રચાયો જે માટે મને ગર્વ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરક કાર્યોમાં ભારતના વૈજ્ઞાનિકો ચંદ્રયાન અને સૂર્યયાન દ્વારા અને ધર્મ ગુરૂઓ અને સંત જ્ઞાનિઓ ધર્મરક્ષાની પ્રેરણા આપી સહયોગ આપે છે. માજી વિધાન પરિષદસભ્ય ચરણસિંહ સપ્રાએ આજના આયોજનથી અત્યંત પ્રભાવિત થઈ પોતે જૈન તીર્થોની યાત્રાએ જવાની જાહેરાત કરી હતી. સ્ટેજ ઉપર સર્વ દાતા પરિવારનું બહુમાન કરવામાં આવેલ. શાસન ધ્વજ ફરવાનું લાભ ચંદ્રકાંતભાઈ ગોગરીએ લીધેલ. અંતમાં જૈન ધર્મ શાસન ધ્વજ ઉદ્યોગપતિ ચંદ્રકાંતભાઈ ગોગરીએ માતુશ્રી ધનવંતીબેન વલ્લભજી ગોગરીને યાદ કરીને ફરકાવ્યો હતો. તેમણે પોતાના પ્રતિભાવમાં જિન શાસનનું ઋણ અદા કરવાની જે આજે તક મળી એ મારા માટે અને અમારા પરિવાર માટે ધન્ય ભાગી ગણાવ્યા હતા.

મંચ પર સર્વ પક્ષના પદાધિકારી તથા સર્વ મહાનુભાવો હાજર રહેલ. મોટી સંખ્યામાં ધર્મસભામાં સમાજના સભ્યો હાજર રહેલ. મંચ પરથી અલગ અલગ જાહેરાતો થયેલ સર્વ મહાનુભવોએ ચડાવા લઈ લાભ લીધેલ. આખરમાં અચલગચ્છ સમાજના ટ્રસ્ટી ચેતન દેઢિયાએ આભારવિધિ કરતા શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘનો આ વિરાટ રથયાત્રા માટે પોતાની સંમતિ આપી એ માટે તથા અચલગચ્છ જૈન સમાજ એ આ ઐતિહાસિક રથયાત્રાને અદ્વિતીય અને વિસ્મરણીય બનાવવા માટે બીડુ ઝડપી સફળ બનાવ્યું એ માટે તથા આ રથયાત્રા આયોજન તેમજ વ્યવસ્થા માટે સકળ સંઘોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સાથ આપનાર સૌનો શ્રાવક શ્રાવિકાઓ, દાતા પરિવારોનો ખુબ ખુભ આભાર માન્યો હતો. ધર્મસભામાં શ્રી અચલગચ્છ જૈન સમાજ મુલુંડ એ રથયાત્રાના મુખ્ય સંયોજક જયેશ ભાગચંદ જૈન ને જિનશાસન સંઘ રક્ષકની પદવી આપી સન્માનિત કર્યા હતા. આ ઐતિહાસિક આયોજનમાં મારી સંસ્થા શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના સર્વે પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, અરિહંત ગ્રુપ, સુમતિજીન મંડળ મુલુંડ(ઈસ્ટ), સર્વોદય મંડળ, વાસુપૂજ્ય મહિલા ગ્રુપના સર્વ કાર્યકરો અંગે મારા સાથી મિત્રો વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા, મનોજ વોરા, રૂપલ લોડાયા અને તેમની ટીમ, વીકી ડી. પારેખ, મિલન લોડાયા તેમજ નામી અનામી કાર્યકરોનો પરિશ્રમ મળ્યો છે માટે હું ઋણી છું. મને જિન શાસન સંઘ રક્ષક પદવી એનાયત કરી એ બદલ હું મુલુંડનો અત્યંત આભારી છું.

# અભિનંદન... અભિનંદન... અભિનંદન





## પ્રમુખશ્રી
## જયેશભાઈ ભાગચંદ જૈન
**(કોઠારા-મુલુંડ)**

તમોને શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા
શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા મુલુંડ મધ્યે યોજાયેલ
અદ્વિતીય વિરાટ મહા રથયાત્રાના મુખ્ય સંયોજક તરીકે ભવ્ય રીતે ઐતિહાસિક આયોજન સફળપણે પાર પાડી
ક.દ.ઓ. જ્ઞાતિ તેમજ જૈન શાસનની પ્રતિષ્ઠા સર્વોચ્ચ શિખરે પહોંચાડી એ બદલ તમને

**જિનશાસન સંઘ રક્ષકનું ગૌરવભર્યું બિરુદ આપ્યું**
**એ માટે હાર્દિક અભિનંદન**

શ્રી શાંતિનાથ દાદા ને દેવ ગુરૂની અસીમ કૃપા તમારા પર રહે અને તમે આવા જ શાસન અને સમાજના ઉત્કૃષ્ટ કાર્યો કરી પરિવાર અને જ્ઞાતિનું નામ રોશન કરો.

:: શુભેચ્છક ::

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

# વધે તમારી નામના એ જ અમારી શુભકામના



## શ્રીયુત જયેશભાઈ ભાગચંદ જૈન

**કચ્છ-કોઠારા, હાલે-મુલુંડ**



તમોને શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા
શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા મુલુંડ મધ્યે યોજાયેલ
અદ્વિતીય વિરાટ મહા રથયાત્રાના સંયોજક તરીકે ભવ્ય રીતે ઐતિહાસિક આયોજન
સફળપણે પાર પાડી શાસનની પ્રતિષ્ઠા સર્વોચ્ચ શિખરે પહોંચાડી એ બદલ તમને

**જિનશાસન સંઘ રક્ષકનું ગૌરવભર્યું બિરુદ આપ્યું**
**એ માટે હાર્દિક અભિનંદન**

આવનારા સમયકાળમાં જિન શાસનના સુકૃત્યો આપની દ્વારા
સફળપણે પાર પડે એની શુભેચ્છા

લખ લખ વધાઈ ભા આકે



:: શુભેચ્છક ::

## ચંદ્રેશ વીરચંદ શાહ-છેડા

(રાયપુર-સુજાપુર)

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી



કચ્છ અબડાસા તાલુકાના લાલા નગરે નાનકડું પણ સુંદર અને રમણિય જિનાલયમાં બિરાજમાન મૂળ નાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી  અને પદ્મપ્રભ સ્વામીની અમિદ્રષ્ટિથી અમારા લાલા ગામ માં પર્યુષણ મહાપર્વ ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે  લાલા ગામ ની નિયાણીઓ સુશીલાબેન નાગડા. (નલિયા) તથા ગીતાબેન લોડાયા. (વારાપદ્ધર)ની નિશ્રામાં બહુજ સુંદર રીતે ધર્મની આરાધના થઈ હતી.

લાલા ગામમાં નવી પહેલ પર્યુષણ પર્વ દરમિયાન સંપૂર્ણ મહાપર્વના સાધાર્મિક ભક્તિના લાખેણા દાતા પરિવાર. માતૃશ્રી રતનબેન પદમશી દંડ પરિવાર (ઇન્દોર) તથા માતૃશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી પરિવાર.







# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી





મુખ્યત્વે પર્યુષણ પર્વ દરમિયાન પધારેલ રાણપર તથા લાલા ગામ વાસીઓ અને પધારેલ મહેમાનનું સ્વાગત તથા સવારે રાઇ પ્રતિક્રમણ સ્નાત્રપૂજા પછી ભક્તામર, અષ્ટનીહિકા વ્યાખ્યાન સાથે રોજ ધાર્મિક પ્રશ્નપત્ર તેમજ રોજના અનેક લકી ડ્રો તથા બપોરે વિવિધ અનુષ્ઠાન જેવા કે જ્વાલામાલિની અનુષ્ઠાન, પાર્શ્વ પંચકલ્યાણકની પૂજા (શ્રી ચંદ્રકાંતભાઈ નાગડા તરફથી) તા.૧૫ મી ઓગસ્ટના દિવસે જિનશાસન નો ધ્વજ ફરકાવી અને દેશ ને સલામી આપી અને તે દિવસે તિરંગા થીમમાં જેવી કે રંગોલી તથા ગહુલી જેવા વિવિધ કાર્યક્રમ ઉજવાયા હતા. તથા રોજ સાંજે પ્રભુ ભક્તિની રમઝટ શાંતિલાલભાઈ, હીરાચંદભાઈ, રાજેશભાઈ, અશ્વિનભાઈ લોડાયા તથા રાજુ મોમાયા તથા બહેનો જમાવી હતી તથા શાસનદેવી શ્રી મહાકાળી માતાજી ભક્તિ ભાવના કરવામાં આવેલ. લાભાર્થી પરિવાર માતૃશ્રી જયાબેન શામજી લોડાયા (માલાણી) લાભ લીધો હતો.







# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી



ભગવાનની આંગીની સુંદર રચના યંગસ્ટર ગ્રુપ (નીતિ, યાત્રી, જીલ, સ્મિથ, દીપ, જેનીલ) એ કરી. તથા કલ્પસૂત્ર તથા પ્રભુજીને ખોડામાં બળદ ગાડામાં બેસવાનું લાભ માતૃશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી લીધો હતો તથા અનેક અલગ અલગ વાજિંત્ર સાથે ગામ જનો રમઝટ જમાવતા બહુ જ સરસ રીતે કરી હતી. તથા સ્વપ્નની ઉછામણી કાર્યક્રમનું સંચાલન રાજેશ મોમાયા કર્યો હતો.







# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી





સ્વપ્નની ઉછામણીનું મોક્ષની બારી! માતૃશ્રી જેતબાઈ વિશનજી મોમાયા પરિવાર લીધો હતો તથા સ્વપ્ન નું ૧૦૩૫૦૦ ધૃત મણ થયું હતી તથા સ્વપ્ન દર્શન પછી મીઠાઈની પ્રભાવના માતૃશ્રી નવલબેન જેઠાભાઈ દંડ (અંકલેશ્વર) તરફથી હતી. શાલીભદ્રની પેટીનો લાભ (રૂા.૪૦૧૦૧) શ્રીમતી કાંતાબેન ખીમજીભાઇ લોડાયા પરિવાર ગામ લાલા હ.વેન્સી, કૃપા, વીર અને હેત કલ્પસૂત્ર  પધરાવવા નો લાભ માતૃશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી એ લીધેલ.



# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી



એમના સુંદરભવન (ઘર)ના આંગણામાં રાત્રી જાગરણ થયેલ! ચોથના દિવસે સમૂહ સાંજીમાં મીઠાઈની .(પ્રભાવના ચેતનાબેન પીતાંબર ખોના.) તરફથી લાલા ગામમાં હર વર્ષની જેમ કંઈને કંઈ મહાજન નવી કામગીરી હતી. પધારેલ મહેમાનો મુંબઈ, મહારાષ્ટ્ર, ઇન્દોર અને ગુજરાત તથા કચ્છ અને દેશાવરથી તથા ગામવાસીઓની બહોળી સંખ્યામાં ૮૨ જણએ હાજરી આપી હતી.





# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી









પર્યુષણ પર્વમાં લાલા ગામના તપની આરાધના ૩૧ ઉપવાસઃ-મોનિકા પ્રવીણ મૈશેરી

બહેનો એ એક દિવસ પોસધ સાથે આરાધના કરેલ અને આઠમ તપ તથા છઠ તપ આયબીલ, એકાસણા, બેયાસણા આવી નાની મોટી તપસ્યાઓની આરાધના કરી હતી.

**– પ્રવીણ ભવાનજી મૈશેરી**









# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી













# અભિનંદન... અભિનંદન... અભિનંદન

આપે કરેલા સત્કાર્યો અને
સમાજલક્ષી સેવા કાર્યને
લીધે જ આપ આ મુકામે પહોંચ્યા છો



## સંદીપ નવીનચંદ્ર શાહ

**(ગામ સાંધવ - હાલ મુલુંડ)**

શ્રી કચ્છી દશા ઓસવાલ
જૈન જ્ઞાતિ મહાજન સાંધવના
ટ્રસ્ટીપદે નિયુક્ત
થવા બદલ

## ખુબ ખુબ અભિનંદન



:: શુભેચ્છક ::

વિપુલ ઠાકરશી પટેલ

વિરેન્દ્ર ભવાનજી લોડાયા | મિલન જગદીશ ધરમશી
ચેતન નલીન પીર | કલ્પેશ ભવાનજી લોડાયા
જયેશ માણેકજી લોડાયા | ચેતન અશોક ભેદા

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 114

## DONATION NEEDED!

## Meera Hansraj Shah (Mota)

Age: 81 Yrs. Mulund, Naliya

**Patient Got admitted with severe loose motions & black vomiting. Will need long medical management.**



**DONATION REQUIRED**

**Rs. 1.65 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બેંગલોરના ૪૧મા પર્યુષણ પર્વની ઉજવણી





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના ૪૧મા પર્યુષણની પર્વની ઉજવણી તા.૧૩ ઓગસ્ટ થી ૨૨ ઓગસ્ટ સુધી હર્ષોલ્લાસ અને ધૂમધામથી કચ્છી ભવન જે.પી.નગરમાં ઉજવવામાં આવી હતી. પર્યુષણની આરાધના કરવા મુંબઈના શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠથી શ્રી નેવિલભાઈ મુલચંદ દેઢિયા અને હૈદરાબાદથી મોક્ષ અજય પાસળ પધારેલ.

શ્રાવણ વદ ૧૨ રવિવાર તા.૧૩ ઓગસ્ટના સવારના શ્રી ચિકપેટ દેરાસરથી શ્રી વિમલનાથ ભગવાન અને પંચધાતુના શ્રી શાંતિનાથ ભગવાનને વાજતે-ગાજતે કચ્છી ભવનમાં પધરાવવામાં આવ્યા હતા. પ્રભુજીને પધરાવવાનો લ્હાવો માતૃશ્રી પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયા પરીવારે લીધેલ તથા પ્રભુજીને પોંખવાનો લાભ માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી હસ્તે. શ્રી ઉમેશભાઈ ધરમશી પરિવાર એ લીધેલ. ત્યારબાદ પ્રભુજીની સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી. તે દિવસે સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી હસ્તે શ્રી ઉમેશભાઈ ધરમશી પરિવારએ લીધેલ.



શ્રાવણ વદ ૧૩ સોમવાર તા.૧૪ ઓગસ્ટ સાંજે પ્રભુ ભક્તિ અને આરતી પછી મહાકાળી માતાની ભક્તિ-ભાવના રાખવામાં આવી હતી સાથે કલ્પસુત્ર પધરાવવા માટેની બોલી બોલવામાં આવી હતી જેનો લાભ માતૃશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી હસ્તે શ્રી ધર્મેન્દ્ર મૈશેરી પરિવારએ લીધું હતું.

શ્રાવણ વદ ૧૪ મંગળવાર તા.૧૫ ઓગસ્ટના સાંજે શાઈનિંગ સ્ટાર પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા ધાર્મિક નાટિકાઓનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં બાળકો અને વડીલોએ મળીને શ્રી અઈમુત્તા મુનિ, શ્રીમતિની કથા અને શ્રી વજ્રસ્વામી એમ ત્રણ અલગ-અલગ નાટિકાઓ પ્રસ્તુત કરી હતી. દર્શકોએ તાળીઓથી વધાવી લીધું હતું અને પાઠશાળા માટે ઇનામો પણ ઘોષિત કરવામાં આવ્યા હતા.

શ્રાવણ વદ અમાવસ્ય બુધવાર તા.૧૬ ઓગસ્ટના દિવસે પોથીનો વરઘોડો વાજતે-ગાજતે શ્રી ધર્મેન્દ્ર મૈશેરી પરિવારના નિવાસ સ્થાન પર લઇ જવામાં આવ્યો હતો. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી નવલબેન દેવજી મૈશેરી પરિવાર એ લીધું હતું. રાત્રે ભક્તિ-ભાવના પછી પોથીનો જાગરણ રાખવામાં આવેલ.





# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બેંગલોરના ૪૧મા પર્યુષણ પર્વની ઉજવણી





શ્રાવણ સુદ બીજ શુક્રવાર તા ૧૮ ઓગસ્ટના સવારે ૧૦.૩૦ વાગે ચૌદ સ્વપ્ન મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ભગવાન મહાવીરના જન્મ વાંચન વખતે ચૌદ સ્વપ્નો અને પ્રભુજીનાં પારણાની બોલી બોલવામાં આવેલ. પ્રભુજીનો પારણો પધરાવવાનું લાભ શ્રી ગુલાબભાઇ હીરજી છેડા પરિવાર એ લીધેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ બેંગલોર મહિલા મંચ એ લીધેલ. રાત્રે ભક્તિ ભાવના પછી પારણાનો જાગરણ રાખવામાં આવેલ.

શ્રાવણ સુદ ત્રીજ શનિવાર તા. ૧૯ ઓગસ્ટના પ્રતિક્રમણ અને પ્રભુ ભક્તિ પછી રાતના ૯ વાગે શ્રી ગિરનાર મહાતીર્થની ભાવ યાત્રા મલ્ટી-મીડિયા અને સંગીત સાથે કરાવવામાં આવી હતી. આરાધક શ્રી નેવિલ ભાઈએ ખુબજ સુંદર વિવેચન સાથે યાત્રા કરાવેલ અને સંગીતકાર શ્રી કમલેશભાઈ પરમારએ ખુબ સુંદર અને મધુર સંગીત પરોવેલ જેને સાંભળી બધા મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

શ્રાવણ સુદ ચોથ રવિવાર તા.૨૦ ઓગસ્ટ સવારનાં પ્રભુ મહાવીરનો પારણાનો વરઘોડો વાજતે-ગાજતે શ્રી મહેન્દ્રભાઈ ચૌહાનના નિવાસસ્થાન બસવાનગુડીમાં લઇ જવામાં આવ્યા હતા.

બપોરે ૩ વાગે ધાર્મિક આનંદ મેળો રાખવામાં આવ્યું હતું જેમાં વિવિધ ધાર્મિક ગેમ્સના સ્ટોલ કરવામાં આવ્યા હતા. નાના-મોટા બધાએ ખુબ ઉત્સાહથી ભાગ લીધું હતું. આ રમત-ગમતના માધ્યમથી ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ થઈ હતી.

શ્રાવણ સુદ પાંચમ સોમવાર તા.૨૧ ઓગસ્ટ સવારના બારસા સૂત્ર વોરાવવાનો તથા પાંચ જ્ઞાન પૂજનની બોલી બોલાવવામાં આવી હતી. જ્ઞાન પૂજન પછી બારસા સૂત્રનું વાંચન કરવામાં આવેલ જેના પછી  શ્રી શાંતિનાથ જૈન દેરાસર, યેલચનહલ્લીમાં ચૈત્ય પરિપાટી લઈ જવામાં આવી હતી. ત્યાં બધે સામુહિક ચૈત્ય વંદન કર્યું હતું. સાંજે ૪ વાગે સવંત્સરી પ્રતિક્રમણ કરવામાં આવેલ જેમાં સર્વે મળીને વર્ષ દરમિયાન કરેલા પાપો માટે મન-વચન-કાયાથી સર્વે જીવોને ખમાવ્યા હતા.

શ્રાવણ સુદ છઠ મંગળવાર તા.૨૨ ઓગસ્ટ સવારના સામુહિક પારણાં રાખવામાં આવેલ જેનો લાભ માતૃશ્રી પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયા પરિવાર એ લીધું હતું. જેના બાદ સામૂહિક ક્ષમાપનાનો કાર્યક્રમ કરવામાં આવેલ સર્વે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. શ્રી ધર્મેન્દ્ર ખીમજી મૈશેરી એ માસક્ષમણની ઉગ્ર તપસ્યા કરી હતી તથા શ્રીમતી માનસી સુશાંત લોડાયા, શ્રીમતી મનીષા ધીરીશ મોમાયા, શ્રીમતી નીલા પ્રશાંત ખોના, કુમારી પ્રિયંકા જે સોની અને કુમારી દર્શના એ અઠ્ઠાઈ તપ કરેલ તે સિવાય અઠ્ઠમ તપ પણ સારી સંખ્યામાં થયું હતું.

ત્યારબાદ આરાધકોનું બહુમાન, કાર્યકર્તાઓનું બહુમાન અને ધાર્મિક સ્પર્ધાના ઇનામ વિગેરે વિતરણ કરવામાં આવ્યા હતા.

પર્વ દરમિયાન રોજ સાંજે જ્ઞાન ચર્ચા રાખવામાં આવી હતી જેમાં વિવિધ ધાર્મિક વિષયો પર આરાધક બહેનોએ બધાને જ્ઞાન પીરસ્યું  હતું. આમ પર્યુષણ મહાપર્વ ખુબ ઉત્સાહ, ઉમંગ અને ધૂમ-ધામથી ઉજવવામાં આવેલ.

# ARIHANT BANK

ACBL Estd. 1984

SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા આયોજિત સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યમાં પધારવાનું આમંત્રણ

નલિયાવાસી જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને તા.૧ ઓક્ટોબર રવિવાર સવારે ૯ વાગ્યાથી સંપૂર્ણ દિવસનું સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યમાં પધારવાનું ભાવભર્યું સસ્નેહ નિમંત્રણ આયોજક શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન નલિયા સર્વે ટ્રસ્ટીગણ દ્વારા અપાયું છે. સ્નેહમિલન વાટિકા સ્થળ મેવાડ કેસરી ભવન, લખી હાઉસ, ગુરૂદ્વારાની સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ વેસ્ટ મુંબઈ-૭૮.

મૂળનું નલિનપુર કાળાંતરે આજનું નલિયા, જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશીનાથાની જન્મભૂમિ નલિયા જે ગામને ગૌરવાન્વિત કરાવવામાં કેટલાય શ્રેષ્ઠીવર્યોના નામો ઈતિહાસના પાને અંકિત થયેલા છે. વર્ષો વીત્યાં છતાં આજે પણ ઈતિહાસના પાનાને ખોલતા નલિયા ગામનો જાજરમાન અને જવલંત દબદબો આજ દિન સુધી અકબંધ રહેલો છે.

જ્ઞાતિ મહાજનશ્રી દ્વારા કાર્યાન્વિત વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત સ્નેહમિલન અને સ્વામિવાત્સલ્ય જે આજે સૌ નલિયાવાસી જ્ઞાતિજનો સાથે મળવાનું એક મોંઘેરું માધ્યમ બની રહ્યું છે. સ્નેહનો સરવાળો અને આત્મીયતાનો ગુણાકાર એટલે જ સ્નેહમિલન. છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાન મહાજનશ્રી દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિઓને પણ આપશ્રી સમક્ષ જરૂરથી આલેખન કરીશું. મહાજનશ્રીની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉદારદિલ લાભાર્થીઓની પણ રંગમંચ પરથી અનુમોદના કરી ધન્ય થઈશું.

નલિયાવાસી જ્ઞાતિજનોનું આગમન સાથ અને સહકાર એજ સ્નેહમિલનની સફળતા નિશ્ચિત રહેશે. મહાજનશ્રી નલિયાવાસી જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવે છે. તારીખ, સમય અને સ્થળ નોંધી રાખશો. આપણે સહુ સ્નેહમિલન પ્રસંગે મળીએ અને નલિયાના ઇતિહાસની જ્ઞાતિય ગાથાઓને ફરી માનસ પટલ પર અંકિત કરીએ.

સ્નેહમિલન પ્રસંગમાં શું શું હશે? તે આપશ્રીને પ્રશ્ન જરૂર થશે. દીપ પ્રાગટ્ય, શ્રી નવકાર મહામંત્ર સ્મરણ અને શેઠશ્રી નરશીનાથાની છબીને માળારોપણથી શરૂ થયેલ કાર્યક્રમ, ઉપાશ્રય તેમજ સ્નેહ મિલનના દાતાશ્રીઓનું બહુમાન. છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન નલિયા મહાજનશ્રી દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિઓની ઝલક ડિજીટલ પ્રસ્તુતિ સ્ક્રીન ઉપર પ્રદર્શિત થશે.

જાણીતા પ્રેરક પ્રવચનકાર, સાહિત્યકાર શ્રીમતી કાજલબેન ઓઝા અને બશીસ ગાલા દ્વારા યુવાનો માટે પ્રેરક પ્રવચન, મનોરંજન, ધાર્મિક રમત ગમત મ્યુઝિકલ નાઈટ ઈત્યાદિ અવનવા કાર્યક્રમોનો રસપ્રદ રસથાળ હશે.

હા! સાધર્મિક ભક્તિ અને ચોવિહાર આપણે સહુ સાથે મળીને લઈશું. તો છો ને તૈયાર? પ્રસંગ માણવાને. એક દિવસ નલિયા માદરેવતન માટે આપણે સહુ જરૂરથી સમર્પિત કરીએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત મહાજનની મહાસમિતિની બેઠક

## શ્રી વડોદરા કદઓ મહાજનના યજમાન પદે વડોદરામધ્યે તા.૨૩ સપ્ટેમ્બરે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મહાસમિતિની એક સભા તા.૨૩ સપ્ટેમ્બર શનિવારના રોજે રાતના ૮ થી ૯ દરમ્યાન શ્રી કદઓ જૈન સમાજ માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા ભવન, કલાવતી હોસ્પિટલની સામે, હરણી વારસિયા રીંગ રોડ, વડોદરા મુકામે કાર્યસૂચિ પ્રમાણે કાર્યવાહી હાથ ધરવા મળશે.

કાર્યસૂચિમાં ૧) ગત તા.૨૨ મે ૨૦૨૨ની સભાની મિનિટસનું વાંચન અને બહાલી ૨) મહાસમિતિના સભ્ય તથા ટ્રસ્ટી શ્રી હંસ બી.ખીમજીના આકસ્મિક નિધનની નોંધ લઈ તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત ૩) મહાસમિતિના સભ્ય તથા ટ્રસ્ટી શ્રી હંસ બી.ખીમજીના અવસાનથી તેમજ ખાલી પડેલ સ્તર તે જ વિભાગમાંથી ભરવા બાબત ૪) હિસાબી વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ઓડિટ થયેલા હિસાબી ચોપડાઓ રજૂ કરવા બાબત ૫) શ્રી સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓની કાર્યવાહી અંગે જાણકારી આપવા બાબત ૬) અતિ મહત્વના જ્ઞાતિ લક્ષી કાર્યોની ચર્ચા વિચારણા કરવા બાબત ૭) સભાના પ્રમુખશ્રીની સમંતિથી જે કંઈ રજૂ થાય તે બાબત ઘટતું કરવા.

નોંધ : (૧) સભાની કાર્ય સાધક હાજરી કોરમ મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલી સભા તેજ સ્થળે તેજ દિવસે મુક્કર સમયથી એક કલાક પછી મળશે જેની નોંધ કાર્યસૂચિમાં જણાવવી પડશે. મજકુર સભામાં કાર્ય સાધક હાજરીની જરૂર રહેશે નહીં. પરંતુ તેવી સભામાં કાર્યસૂચિમાં જણાવ્યા સિવાય અન્ય કોઈપણ કામકાજ થઈ શકશે નહીં. (૨) શ્રી કદઓ જૈન સમાજ વડોદરાના આમંત્રણને માન આપીને શ્રી સમસ્ત કદઓ જૈન મહાજનની મહાસમિતિ તથા ટ્રસ્ટ બોર્ડની મિટીંગો શ્રી કદઓ જૈન સમાજના યજમાન પદે રાખવામાં આવેલ છે. (૩) અચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘના સભ્યોની સભા વડોદરા સંઘે રાખેલ છે. જેની નોંધ લેશોજી. (૪) અચલગચ્છ જૈન ભવન ખાતે ચૌવિહાર કર્યા બાદ માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા કેડીઓ ભવન સર્વે સભ્યોએ સમસ્ત મહાજનની મિટીંગ માટે સમયસર પહોંચવાનું છે. જેથી સહકાર આપવા નમ્ર વિનંતી શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ એ. દંડ એ મહાસમિતિની મિટીંગના સર્ક્યુલરમાં કરેલ છે.

# રાયપુર નગરના શ્રી કુંથુનાથ જિનાલયે રાષ્ટ્રીય અલ્પ સંખ્યક આયોગના અધ્યક્ષ દર્શનાર્થે પધાર્યા





છતીસગઢના પાટનગર રાયપુર નગરના શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ સંચાલિત શ્રી કુંથુનાથ જિનાલયે રાષ્ટ્રીય અલ્પ સંખ્યક શૈક્ષણિક સંસ્થાન આયોગના અધ્યક્ષ એન.કે. જૈન દર્શનાર્થે પધાર્યા હતા. તેઓનું સન્માન શાલ ઓઢાડી, હારારોપણ અને સ્મૃતિ ભેટ આપી સંઘના પદાધિકારીઓ દ્વારા કરાયું. મહેમાનશ્રીને શ્રી સંઘ દ્વારા કરાતી પ્રવૃત્તિઓથી અવગત કરાયા હતા.

# પ.પુ.સા.શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા નવકારમંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામ્યા



સંઘ સ્થવીરા પ.પુ. સા.શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા આજે સવારે નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિપૂર્વક કચ્છ ૭૨ જિનાલય મુકામે કાળધર્મ પામેલ છે. ૯૦ વર્ષના જીવનસફરમાં એમનો સંયમ પર્યાય ૬૬ વર્ષનો હતો. આવતી કાલે રવિવારે સવારે ૯.૦૦ વાગે ગુણાણુવાદ અને અંતિમયાત્રાને લગતા ચડવા રહેશે. અંદાજે ૧૧ વાગે પાલખીયાત્રા રહેશે. પૂજ્ય શ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા.


અનવર ઢોલી





દાંડિયા રાસ, લગ્નગીત, રાસગરબા, ધમાલ, બાર દાંડિયા, ચાર દાંડિયા મટુકડી, ઢોલ રાંધ, સામૈયું

9820694055
8169566734

૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક, શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમીલબેન ગાલા**
તા.૫ સપ્ટેમ્બર (ઉ.૬૮)
મંજલ રેલડીયા-જલગામ



**જ્યોતિબેન ખોના**
તા.૫ સપ્ટેમ્બર (ઉ.૬૯)
નલિયા-કોચીન



**ગુલાબચંદ નાગડા**
તા.૬ સપ્ટેમ્બર (ઉ.૮૯)
જખૌ-પારોલા



**ધનલક્ષ્મી ખોના**
તા.૯ સપ્ટેમ્બર (ઉ.૭૬)
મોટી ખાવડી-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કચ્છ યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટની માનદ્ ઉપાધિ મેળવનારા કચ્છના બે વરિષ્ઠ સર્જકો ઉમિયા શંકર અજાણી તથા પદમશી નારાયણ જોશી કારાયલનું ભુજની મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય દ્વારા સન્માન કરાયું હતું. દર રવિવારે કચ્છના વરિષ્ઠ નાગરિકો સાથે યોજાતી ગોષ્ઠિ અંતર્ગત ઉમિયા શંકર અજાણીનું સન્માન વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીએ જ્યારે નારાયણ જોષીનું સન્માન સર્જક અને કટાર લેખક હરેશભાઈ ધોળકિયાએ કર્યું હતું. આ અવસરે તેમની સાથે રસપ્રદ પ્રશ્નોતરી પણ યોજાઈ હતી. પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્ર ઉપાધ્યાયે આવકાર આપી સંસ્થા દ્વારા દર રવિવારે યોજાતી વરિષ્ઠજનો સાથેની ગોષ્ઠિની વિગતો આપી હતી. મંત્રી નરેશ અંતાણીએ સંચાલન કર્યું હતું.

● ભુજથી નખત્રાણાના બે ટોલનાકા ધરાવતા ૫૦ કિલોમીટરના હાઈવે પર પડેલા ખાડાઓ વાહનચાલકો માટે મોતના કૂવા સમાન બની રહ્યા હોવાનું વાહન ચાલકોએ જણાવ્યું છે. આ માર્ગે આવતા નાની મંજલ, દેશલપર-વાંઢાય, સામત્રા, ડાકડાઈ વચ્ચે પડેલા ગાબડા અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. જે સંલગ્ન તંત્રોને નજરે ચડતાં ન હોવાનો વસવસો જાગૃતો વ્યક્ત કરી રહ્યાં છે.

● જીવદયા અને પર્યાવરણ સંવર્ધનના ક્ષેત્રે ત્રણ દાયકા કરતા વધુ સમયથી કાર્યરત પ્રાગપર રોડ સ્થિત ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાળા અહિંસાધામ ખાતે બે દિવસીય સેમિનાર યોજાયો. જેમાં જીવદયા, પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ સંવર્ધન પર તજજ્ઞોના વક્તવ્ય ઉપરાંત અહિંસા એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. અત્રે નંદી સરોવર ખાતે ૨૨૫ એકરમાં ૫ લાખ વૃક્ષનું વન બની રહ્યું છે. જેમાં ૧૦૦ જાતના દેશ વિદેશના પક્ષીઓ મુક્ત મનથી વિચરણ કરે છે. અદ્યતન સુવિધાઓ સાથે વેટરનરી હોસ્પિટલ, ૫૦૦ બેંકના કેપેસિટી વધરાવતા બે આઈસીયુ, સારવાર માટે નિષ્ણાત ડોક્ટરોની ટીમ છે. કચ્છની એકમાત્ર બીજ બેન્ક અહીં શરૂ કરવામાં આવેલ છે.

● અબડાસા વિસ્તારમાં સૌથી વધુ કપાસ અને મગફળીનું વાવેતર કરાયું છે. ધ્રોસટ વરસાદને લીધે કૃષિકારોમાં ખુશી વર્તાય છે. આ વિસ્તારના પરજાઉ, લાલા, સિંધોડી, વાંકુ, કોઠારા, ખીરસરા, ભાનાડા, વાડાપધ્ધરમાં કપાસ તેમજ મગફળીનું તો ગરડા પંથકમાં લઈ વાયોર, લૈયારી, ઐડામાં મગફળી, તિલી ગુવારનો પાક લેવાયો છે. અત્યાર સુધી અંદાજિત ૩૫,૬૦૭ હેક્ટરમાં વાવેતર કરાયું છે અને હજી પણ ખેતરોમાં વાવણી કામના રિપોર્ટ આવવાના બાકી છે.

● વિશ્વની શ્રેષ્ઠ પોલીસ તરીકે વિખ્યાત સ્કોટલેન્ડ યાર્ડ ચુનંદા સિપાઈઓની ફોજ ધરાવે છે. બ્રિટિશ સરકારની સીધી દેખરેખ હેઠળનું આ દળ અતિ જટિલ અને રહસ્યમય ગુનાઓનો ભેદ ઉકેલવામાં સક્ષમ છે. આ દક્ષ પોલીસ દળમાં ભુજ તાલુકાના સરલી ગામના બે સગા ભાઈ બહેન ૨૨ વર્ષીય હવિના અને ૨૧ વર્ષીય વિનય નાના ઉંમરે અધિકારી પદે આરૂઢ થયા છે.

● પર્યાવરણ માટે સર્પ અત્યંત મહત્વનો જીવ છે. પરંતુ તેને લઈને લોકોમાં ડર ફેલાયેલો છે. લોકો ડરના માર્યા સાપને જોતા મારી નાખે છે. સર્પને બચાવવા તથા તેમને લગતી ગેરમાન્યતા દૂર કરવામાં નખત્રાણાનું શિક્ષક દંપતી મહત્વની સેવા બજાવી રહ્યું છે. મૂળ પોરબંદરના પણ નખત્રાણાની ગણેશ નગર પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક એવા આશિષ કારાવાદરા તથા તેમના પત્ની હિરલબેન સાપ પકડવામાં માહિર છે. આ દંપતી અત્યાર સુધી 3300 થી વધુ સર્પજીવોને પકડી સલામત સ્થળે મુક્ત કર્યા છે. આ દંપતી આજુબાજુના વિસ્તારમાં સરિસૃપોની બચાવ કામગીરી કરે છે. કચ્છમાં છેલ્લા આઠેક વર્ષથી તેઓ આ કાર્ય કરે છે. આ અભિયાન સેવા તેઓ મફત આપે છે. સિવાય કે સ્થળ દૂર હોય તો માત્ર પેટ્રોલનો ખર્ચ તેઓ લે છે. પકડતી વખતે જે સાપ ઈજાગ્રસ્ત થાય તેની સારવાર પણ તેઓ કરાવે છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA